GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# ડિજિટલ રીડિંગ અને સાહિત્યિક ગુણવત્તા

**હેલી રાજેન્દ્ર ઠાકર,** પી.એચડી. શોધાર્થી,

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,

ગોધરા

**ડો. વૈશાલીબેન બી. પટેલ,** માર્ગદર્શક,

શેઠ એમ.એન.સી. કોલેજ ઓફ એજ્યુકેશન,

ડભોઈ

## પ્રસ્તાવના

માનવજીવનમાં વાંચનનું સ્થાન અતિ મહત્વપૂર્ણ રહ્યું છે. વાંચન માત્ર જ્ઞાન મેળવવાનો ઉપાય નથી પરંતુ માનસિક વિકાસ, કલ્પનાશક્તિ, સંવેદના અને મૂલ્યોનો ઉછેર કરવાનો એક અગત્યનો સાધન છે. અગાઉ વાંચનની પરંપરા પુસ્તક, પત્રિકા, અખબાર જેવી છાપેલી સામગ્રી પર આધારિત હતી. આજના ડિજિટલ યુગમાં આ પરંપરામાં પરિવર્તન આવ્યું છે. ઈન્ટરનેટ, સ્માર્ટફોન, ઈ–બુક, ઑનલાઇન લાઇબ્રેરી વગેરેના કારણે વાંચનની રીતમાં ક્રાંતિકારી બદલાવ જોવા મળે છે. વિશ્વ ઝડપથી ડિજિટલ યુગ તરફ આગળ વધી રહ્યું છે. માહિતી, જ્ઞાન અને સાહિત્ય હવે માત્ર છાપેલા પુસ્તકો સુધી મર્યાદિત નથી રહ્યા, પરંતુ ઈ–બુક્સ, ઓનલાઇન લાઈબ્રેરી, સ્માર્ટફોન, ટેબ્લેટ અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ઉપલબ્ધ થઈ ગયા છે. આ પરિવર્તનને ડિજિટલ રીડિંગ કહેવામાં આવે છે. પરંપરાગત વાંચનમાંથી ડિજિટલ વાંચન તરફ થયેલા પરિવર્તનથી વાંચનની પદ્ધતિ, સમજવાની રીત, વાંચન પ્રત્યેનો રસ અને સાહિત્ય સર્જનની પ્રક્રિયા બધું બદલાઈ ગયું છે. સાહિત્ય વાર્તાઓ, પાત્રો અને પરિસ્થિતિઓ સાથે સંકળાયેલું છે જે આપણને જીવનને સમજવામાં, લાગણીઓને અનુભવીને વ્યક્ત કરવામાં અને માનવીય મૂલ્યોને ગ્રહણ કરવામાં મદદરૂપ બને

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

છે. જે લોકો વાંચતા નથી તેમની સરખામણીમાં ઉત્સાહી વાચક હંમેશા કોઈપણ પરિસ્થિતિમાં પ્રસન્ન, સંવેદનશીલ અને સમજદાર બને છે.

## ડિજિટલ યુગમાં વાંચનની પ્રસ્થાપના

ટેકનોલોજીની ઝડપી પ્રગતિને કારણે આજના સમયમાં કોઈપણ માહિતી મેળવવી બહુ સરળ બની ગઈ છે. માત્ર એક ક્લિક પર જ અઢળક માહિતી મળી રહે છે. સ્માર્ટફોન, ટેબ્લેટ, લેપટોપ જેવા ઉપકરણોમાં ઈ–બુક એપ્લિકેશનો, વેબસાઇટો, ઈ–લાઇબ્રેરી અને ઑડિયો–વિડિયો સામગ્રી વાંચનના નવનવા માધ્યમ બની ગયા છે. આજના ડિજિટલ યુગમાં વાંચનનો સ્વરૂપ બદલાતો જાય છે. પરંપરાગત કાગળના પુસ્તકોની સાથે હવે ઈ–બુક, ઑડિયો બુક, ઑનલાઇન લેખો, બ્લોગ્સ, વેબ નવલકથાઓ વગેરે સાહિત્યના નવા માધ્યમ બની ગયા છે. ડિજિટલ ટેકનોલોજીએ વાંચનની રીત, વાચકોની આદતો અને સાહિત્યના સ્વરૂપમાં મોટો ફેરફાર લાવ્યો છે.

## ડિજિટલ રીડિંગની વિશેષતાઓ

1. સુલભતા – ઈન્ટરનેટ હોય તો કોઈપણ જગ્યાએ વાંચન શક્ય.
2. ઇન્ટરએક્ટિવિટી – સર્ચ, હાઇલાઇટ, બુકમાર્ક, શબ્દાર્થ જાણવા માટે તરત ડિક્શનરી.
3. કિફાયતીતા – છાપેલા પુસ્તકો કરતાં ઘણી વાર ઓછા ખર્ચે.
4. મલ્ટીમિડીયા અનુભવ – શબ્દો સાથે ચિત્રો, વિડિયો, ઑડિયો.
5. પર્યાવરણમિત્ર – કાગળનો ઓછો ઉપયોગ.

## ડિજિટલ વાંચનનો પ્રભાવ

આજના સમયમાં ઈન્ટરનેટ કનેક્ટેડ સ્માર્ટફોન, ટેબ્લેટ અને ઈ–રીડર્સના કારણે ડિજિટલ વાંચન ઝડપથી વધી રહ્યું છે. એક ક્લિક પર માહિતીની બહુલતા, પ્રચુરતા અને વૈવિધ્યતા મળવાથી વાચકને સરળતા અનુભવાય છે. જો કે આ બધું સમજ્યા વિના કાચી–પાકી કે અડધી–પડધી માહિતી મગજમાં

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

ભરવાથી ફાયદો થતો નથી, પરંતુ એના લીધે સાચું–ખોટું કે સારાસાર વચ્ચે ભેદ પારખવાની ક્ષમતા ખોવાઈ જવાની શક્યતા વધી જાય છે.

## સાહિત્ય પર ડિજિટલ માધ્યમનો પ્રભાવ

નવી સાહિત્યિક શૈલીઓ : ઈ–નવલકથાઓ, બ્લોગ્સ, ડિજિટલ કાવ્ય, વેબ કોમિક્સ.

લેખક–વાંચક સંવાદ : સોશિયલ મીડિયા દ્વારા તરત પ્રતિભાવ મળે છે.

વિશ્વવ્યાપકતા : કોઈ એક ભાષામાં લખાયેલું સાહિત્ય તરત જ અનુવાદ થઈ આખા વિશ્વમાં પ્રસરે છે.

વાંચનની રીતમાં બદલાવ : ટૂંકા લેખો, બ્લોગ્સ, ઈન્ફોગ્રાફિક્સ વધુ લોકપ્રિય.

## વાંચન અને ઓડિયો–વિડિયો સામગ્રી

વાંચન માટે વધારે મહેનત કરવી પડે છે, જ્યારે સાંભળીને કે વિડિયો જોઈને માહિતી મેળવવી સરળ લાગે છે. ઓડિયો–વિડિયો સામગ્રી સસ્તી અને વધુ સુવિધાજનક હોવાથી લોકપ્રિય બને છે, પરંતુ વાંચનથી જ કલ્પનાશક્તિ વિકસે છે, ભાષા પર પકડ મજબૂત થાય છે અને લેખન કૌશલ્ય સુધરે છે. એટલે વાંચનને અવગણવું માનવ વિકાસ માટે હાનિકારક છે.

## ડિજિટલ વાંચનના ફાયદા

1. ઝડપી ઉપલબ્ધતા – કોઈપણ સમયે અને કોઈપણ જગ્યાએ માહિતી મેળવવાની સુવિધા.
2. ઓછી કિંમત – ઘણા ઈ–બુક મફતમાં અથવા ઓછી કિંમતમાં ઉપલબ્ધ
3. વૈવિધ્યસભર સામગ્રી – વિજ્ઞાનથી લઈને સાહિત્ય સુધી બધું જ ઉપલબ્ધ.
4. સંગ્રહમાં સરળતા – હજારો પુસ્તકો એક જ ઉપકરણમાં રાખી શકાય.
5. પર્યાવરણની દૃષ્ટિએ લાભદાયી – કાગળનો ઓછી માત્રામાં ઉપયોગ.
6. Accessibility – સાહિત્ય હવે દરેકને, દરેક જગ્યાએ, દરેક સમયે ઉપલબ્ધ છે.
7. Global Reach – એક ગુજરાતી લેખકનું સાહિત્ય વિશ્વભરમાં વાંચી શકાય છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

8. Preservation – જૂના ગ્રંથો ડિજિટલાઈઝેશન દ્વારા સાચવી શકાય છે.

9. Cost Effective – ઈ–બુક્સ પરંપરાગત પુસ્તકો કરતાં સસ્તા હોય છે.

10.સાહિત્યના લોકશાહીકરણને પ્રોત્સાહન.

## ડિજિટલ વાંચનના ગેરફાયદા

1. એકાગ્રતા ભંગ થવી – નોટિફિકેશન, મેસેજ, જાહેરાતો વાંચનમાં વિક્ષેપ પેદા કરે છે. સતત ડિજિટલ ડિસ્ટ્રેક્શન.

2. અવિશ્વસનીય માહિતી – દરેક માહિતી સાચી કે ઉપયોગી હોતી નથી.

3. સ્મૃતિ ક્ષમતા પર અસર – સ્ક્રીન પર વાંચવાથી યાદ શક્તિ ઓછી થાય છે.

4. શારીરિક તકલીફો – આંખોમાં થાક, માથાનો દુખાવો, ધ્યાનમાં વિક્ષેપ.

5. લાગણીશીલતાનો અભાવ – સ્ક્રીન પરનું વાંચન પુસ્તકો જેટલું લાગણીસભર નથી.

6. Concentration Issues – લાંબા સમય સુધી સ્ક્રીન પર વાંચવું મુશ્કેલ છે.

7. Piracy – સાહિત્યની ચોરી અને કૉપિરાઈટનું ઉલ્લંઘન વધી રહ્યું છે.

8. Digital Divide – ગામડાં અને ગરીબ વર્ગ સુધી ઈ–બુકની પહોંચ ઓછી છે. દરેક પાસે ઇન્ટરનેટ કે ઉપકરણ નથી.

9.એકાગ્રતાનો અભાવ: પરંપરાગત વાંચનની ઘટતી વૃત્તિ ઊંડાણપૂર્ણ અભ્યાસ ઓછો થાય છે.

## નવી પેઢી અને સાહિત્ય

આજની પેઢી માટે પણ સાહિત્ય એટલું જ જરૂરી છે જેટલું અગાઉ હતું. ફક્ત તેનું માધ્યમ બદલાયું છે. પહેલાના સમયમાં પુસ્તકો અને લાઇબ્રેરી દ્વારા સાહિત્ય પ્રાપ્ત થતું હતું, જ્યારે આજના સમયમાં કિન્ડલ, ઇ–લાઇબ્રેરી અને વિવિધ એપ્લિકેશન્સ દ્વારા સાહિત્ય ઉપલબ્ધ છે. ઝડપ, સરળતા અને સુવિધા હોવા છતાંયે સાહિત્યનો મૂળ આધાર લાગણીઓ અને માનવીય સંબંધો પર જ ટકેલો છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

આજના આધુનિક યુગમાં ડિજિટલ ઇન્સ્ટ્રુમેન્ટ્સનો ઉપયોગ વધી ગયો છે તેની સાથે સાથે વાંચન લેખન માટેના સ્વરૂપો પણ બદલાવા લાગ્યા છે પરંપરાગત કાગળના પુસ્તકોની સાથે હવે એ બુક ઓડિયો બુક ઓનલાઇન લખો બ્લોગ વેબ નવલકથાઓ વગેરે સાહિત્યના નવા માધ્યમ બની ગયા છે ડિજિટલ ટેકનોલોજી એ વાંચનની રીત વાચકોની આદતો અને સાહિત્યના સ્વરૂપમાં મોટો ફેરફાર લાવ્યો છે

૨૧ મી સદીની ડિજિટલ ટેકનોલોજી ની ક્ષમતાઓ ની શોધમાં સાહિત્ય વ્યક્તિના વિવેચનાત્મક વિચાર કૌશલ્યો અને વિકસાવવામાં મદદ કરે છે તે લોકો તે લોકોના વિદ્યાર્થીઓ અને બાળકોની વિકસાવવામાં મદદ કરે છે તે લોકોને વિદ્યાર્થીઓ અને બાળકો સાથે બાળકોને એવા સમાજની વધુ સારી સમજ મેળવવા મદદ કરે છે જે સાહિત્યનું નિર્માણ કરે છે અને બીજાઓ પ્રત્યે વધુ સહાનુભૂતિ કેળવે છે

## શિક્ષણક્ષેત્રે ડિજિટલ વાંચન

શૈક્ષણિક ક્ષેત્રે ઇ–બુક અને ઓનલાઇન સામગ્રીને વિશેષ મહત્વ મળ્યું છે. શિક્ષણની પ્રક્રિયામાં કોમ્પ્યુટર, ઇન્ટરનેટ અને ડિજિટલ સાધનોનો ઉપયોગ વધતા વિદ્યાર્થીઓ વધુ સામગ્રી સરળતાથી મેળવી શકે છે. તેમ છતાં ભૌતિક પુસ્તક વાંચન દ્વારા મળતી એકાગ્રતા અને ઊંડાણ હજુ પણ અનન્ય છે. પુસ્તકો અને ડિજિટલ વાંચનનો તુલનાત્મક અભ્યાસ નીચે મુજબ છે.

| | **પુસ્તકો** | **ડિજિટલ વાંચન** |
|---|---|---|
| ઉપલબ્ધતા | મર્યાદિત, ખરીદવા પડે | તરત જ, ઑનલાઇન ઉપલબ્ધ |
| લાગણીશીલતા | વધુ | ઓછી |
| કિંમત | સરેરાશ મોંઘા | ઘણીવાર સસ્તા |
| એકાગ્રતા | ઊંચી | ઓછી |
| પર્યાવરણ પર અસર | કાગળનો ઉપયોગ | પર્યાવરણમિત્ર |
| દીર્ઘકાલીન પ્રભાવ | યાદશક્તિ મજબૂત | સ્મૃતિ ક્ષમતા નબળી |

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

## આજની પેઢી અને વાંચનની આદત

આજના સમયમાં યુવાનોમાં પુસ્તકો વાંચવાની આદત ઘટી રહી છે. તેના સ્થાને તેઓ YouTube, Podcasts, Audiobooks, Reels જેવી સરળ માધ્યમો તરફ આકર્ષાય છે. કારણ કે એમાં ઓછી મહેનત પડે છે, મફત અથવા સસ્તામાં ઉપલબ્ધ છે તેમજ લોકપ્રિયતા ઝડપથી વધે છે.

પરંતુ, વાંચન જેવી ઊંડી ક્રિયા આ માધ્યમો પૂરી નથી પાડી શકતા. પુસ્તકો ભાષા પર પકડ મજબૂત કરે છે, લેખનકૌશલ્ય વિકસાવે છે, તથા કલ્પનાશક્તિ વધારે છે.

## સાહિત્યનું જીવનમાં સ્થાન

સાહિત્ય આપણને વાતચીત કેવી રીતે કરવી, લાગણીઓ નિયંત્રિત કેવી રીતે કરવી, સંઘર્ષનો સામનો કેવી રીતે કરવો અને જીવનનો આનંદ કેવી રીતે માણવો તે શીખવે છે. સાચું સાહિત્ય વ્યક્તિને સફળ, શાંતિપૂર્ણ અને સંવેદનશીલ બનાવે છે. એથી જ સાહિત્યનું વાંચન માત્ર મનોરંજન પૂરતું નથી, પરંતુ જીવનને જીવવાની કળા શીખવતું સાધન છે.સાહિત્ય માનવના ભાવનાત્મક, સામાજિક અને સંસ્કૃતિક વિકાસ માટે મહત્વપૂર્ણ છે. આજની પેઢી માટે પણ સાહિત્ય એટલું જ જરૂરી છે જેટલું પહેલા હતું, ફક્ત તેનો સ્ત્રોત બદલાયો છે. ડિજિટલ પ્લેટફોર્મ્સ પર સાહિત્ય ઉપલબ્ધ છે, પરંતુ પુસ્તકના પાનાં સાથેનો લાગણીસભર અનુભવ એમાંથી ગાયબ છે.

સાહિત્ય વાર્તાઓ પાત્રો અને પરિસ્થિતિઓ સાથે સંકળાયેલું છે જે લોકો વાંચતા નથી તેમની સરખામણીમાં એક ઉત્સાહી વાચક સામાન્ય રીતે કોઈપણ પરિસ્થિતિમાં પ્રસન્ન હોય છે વાર્તા કહેવાના વાચક અને શ્રોતા ના હૃદય સુધી પહોંચવાની સૌથી અસરકારક સૌથી અસરકારક માર્ગ માનવામાં આવે છે સાહિત્ય માં ગદ્ય કવિતા નાટક અને ટૂંકી વાર્તાઓનો સમાવેશ થાય છે તેમાં વાચક કે શ્રદ્ધાની ક્ષણભરમાં બીજી દુનિયામાં લઈ જવાની ક્ષમતા હોય છે આપણી પાસે શીખવાની પ્રક્રિયામાં ફક્ત વિજ્ઞાન અને કોમ્પ્યુટર રોબોટિક્સ વગેરે જેવા પ્રગતિશીલ વિષયો છે પણ આપણે સાહિત્ય કે ભાષાને પણ એટલું જ માન આપીએ

છીએ કારણ કે સાહિત્ય આપણને જ વાતચીત કેવી રીતે કરવી કેવી રીતે સમજવું અતિશય લાગણીઓથી કેવી રીતે દોરી રાખવી આસપાસના વાતાવરણની કદર કરવી કોઈની પીડાને લાગણી કે લાગણીને સમજવું સંઘર્ષ કરવો અંદરના તોફાનોનો સામનો કરવો આનંદ માણવો. તમારું જીવન તમારે ક્યાં અને કેવી રીતે જીવવું તે સાહિત્ય અને ભાષા શીખવે છે કોઈપણ વ્યક્તિ તેના કાર્યમાં કેવી રીતે સફળ અને શાંતિપૂર્ણ બની શકે છે તે સાહિત્યમાં તમારી પસંદગીનો વાંચવાથી તમારું મૂળ સારો બની જાય છે આ બધું એક ગુણવત્તા સફળ સાહિત્યમાંથી જ તમને જોવા મળે છે.

## ભવિષ્યમાં વાંચનની સ્થિતિ

ભવિષ્યમાં પુસ્તકો પૂરેપૂરા નાશ પામશે એવું નથી. પુસ્તકો અને ડિજિટલ સામગ્રી – બન્ને સાથેસાથે ટકી રહેશે. સંતુલિત અભિગમ અપનાવવો જરૂરી છે. શૈક્ષણિક, સાંસ્કૃતિક અને લાગણીશીલ વિકાસ માટે પુસ્તકો અનિવાર્ય છે, જ્યારે ઝડપી માહિતી માટે ડિજિટલ માધ્યમ જરૂરી છે.

અંગ્રેજીમાં કહેવાય છે – 'Words are wind'. બોલાયેલા શબ્દોની આવરદા ઓછી હોય છે. માણસ તેને જલ્દી ભૂલી જાય છે અને કોઈ વ્યક્તિ કશુંક બોલેલી તેના પુરાવા મેળવવા પણ અઘરા હોય છે. ટેક્નોલોજીને કારણે બોલેલા શબ્દો સાચવવાનું શક્ય બન્યું છે, પરંતુ બદલાતી ટેક્નોલોજી સાથે ઘણું ભૂંસાઈ પણ જાય છે. જેમ કે પહેલા ગ્રામોફોન રેકોર્ડ્સ હતી, પછી કેસેસ્ટ્સ અને સિડી આવી, હવે MP3 છે. પરંતુ જેટલું ગ્રામોફોન રેકોર્ડ્સમાં સ્ટોર થયેલું એ બધેબધું અત્યારે હાજર નથી.

પુસ્તકો એટલે લખાયેલા શબ્દો. એ ફક્ત વંચાતા જ નથી, પ્રુફ તરીકે પણ તેનો ઉપયોગ થાય છે. સમય સાથે પુસ્તક પ્રગટ કરવાના ફોર્મેટ્સ પણ ડિજિટલ થયા છે. જો કે ટેક્નોલોજીમાં આવતો બદલાવ ડિજિટલ પુસ્તકની આવરદાને ઓછી કરી શકે છે. એકાદ ડિજિટલ પ્લેટફોર્મ પર રિલીઝ થયેલું લખાણ, એ પ્લેટફોર્મના બંધ થવા સાથે નાશ પામશે. તેની સામે પેપર પર સચવાયેલું લખાણ કદાચ ૨૦૦–૩૦૦ કે વધુ વર્ષો સુધી જીવિત રહેશે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

લોકોનો લખવાનો મહાવરો ઓછો થતો જશે ત્યારે શું થશે એ વળી જુદી જ ચર્ચાનો વિષય છે.

## પરંપરાગત વાંચનનું મહત્વ

આપણા વડીલો હાર્ડ કોપી વાંચવાનું ઓછું પસંદ કરે છે તેઓ વાંચવાનું અને સ્ક્રીન પર ક્ષણિક વાંચનને અલગ માને છે તેઓ કમ્પ્યુટર પર સ્ક્રીન કરતાં આ કાગળ માંથી માહિતી વધુ સરળતાથી શોધી લે છે તેવું માને છે એક બીજું પરિબળ પણ છે ઓન સ્ક્રીન ટેક્સ કરતા હાર્ડ કોપી બનાવવાનો ખર્ચ વધુ થાય છે તેનો અર્થ એ કે ત્યાં જરૂરી આર્થિક દબાણ છે શું આ કાગળ પર છાપવાના ખર્ચને એ યોગ્ય છે તેનો સામાન્ય રીતે એક ચોક્કસ પસંદ પસંદગીય કાર્યનો પણ અર્થ થાય છે કાર્યક્ષમ રીતે લખવાની જરૂરિયાત કાગળ બગાડવા માગતા નથી સ્પષ્ટ અને સચોટ રીતે અખબારો અને સામાયિકો અટકી રહે છે તે કાયમી રેકોર્ડ રહે છે તેથી તેમાં માહિતી શક્ય હોય તેટલી વિશ્વસનીય હોય છે સામાન્ય રીતે તે આપણને સ્થાયિતાના પ્રશ્ન પણ લાવે છે યુએસ સરકાર પાસે દેખીતી રીતે સો વર્ષ કરતા ઓછા સમય પહેલા બનાવેલી હજારો ફ્લોપી ડિસ્ક અથવા ટેપ છે જે માહિતીથી ભરેલી છે પણ જે હવે મેળવી શકાતી નથી જે ટેકનોલોજી એ તેને બનાવી હતી તે ટેકનોલોજી અત્યારે અદ્રશ્ય થઈ ગઈ છે પરંતુ જો તમે 1300 ના દાયકાના અંતમાં કાગળ પર લખાયેલા ટેન્ડર બારીક ટેલ્સ વાંચવા માગતા હો તો તમે 2007માં છાપેલી નકલ મેળવી શકો છો જેમ જેમ પેઢીઓ આગળ વધતી જશે તેમ તેમ આપણે હાર્ડ કોપી નો ઉપયોગ ઓછો કરવા લાગી છે પણ આ હાર્ડકોપી જ કાયમ માટે અદ્રશ્ય થશે નહીં બેટરીઓ ખતમ થઈ જશે પણ લખેલું લખાણ ક્યારેય ખતમ થશે નહીં

સાચું પુસ્તક કે અખબાર હાથમાં લઈને વાંચવાની મજા કંઈ જુદી જ હોય છે. આ રીતે વાંચવાથી એકાગ્રતા વિકસે છે અને વિષયવસ્તુ પર મજબૂત પકડ થાય છે. ફોન કે ડિજિટલ માધ્યમો પર વાંચતા સમયે કૉલ, મેસેજ, નોટિફિકેશન જેવી અવરોધો આપણું ધ્યાન ભંગ કરે છે. જ્યારે પુસ્તકના ભૌતિક સ્વરૂપમાં વાંચન મન અને મગજને એક વિશિષ્ટ શાંતિ પ્રદાન કરે છે. એટલું જ નહીં, સાચું પુસ્તક કે સાહિત્ય પસંદ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

કરવાની આવડત હોય તો વાંચન વધુ અર્થપૂર્ણ બને છે. શિક્ષણમાં ડિજિટલ માધ્યમોનો ઉપયોગ વધી રહ્યો છે.

ઈ–લાઈબ્રેરી, ઑનલાઈન કોર્સ, ડિજિટલ ક્લાસરૂમ, ઈ–કન્ટેન્ટ આ બધું વિદ્યાર્થીઓને સુવિધા આપે છે, પરંતુ પરંપરાગત પુસ્તક અધ્યયનનું મહત્વ ઘટતું નથી.

## નિષ્કર્ષ

ડિજિટલ યુગમાં વાંચનના માધ્યમો બદલાયા છે, પરંતુ સાહિત્ય અને વાંચનની આવશ્યકતા યથાવત છે. ભલે તે પુસ્તકના પાનાં હોય કે ઈ–બુકની સ્ક્રીન, વાંચન વ્યક્તિને વિચારોમાં ઊંડાણ, ભાષામાં નિપુણતા, કલ્પનામાં વૈભવ અને જીવનમાં સંવેદનશીલતા આપે છે. તેથી પરંપરાગત કે ડિજિટલ – કોઈ પણ સ્વરૂપમાં વાંચન માનવ વિકાસ માટે અનિવાર્ય છે.

## સંદર્ભ:

1. શૈક્ષણિક ટેકનોલોજી – ડૉ. કૃષ્ણકાંત પટેલ, અમદાવાદ: ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન.
2. શિક્ષણ અને ટેક્નોલોજી – શ્રીમતી પ્રીતિ દવે, રાજકોટ: શિક્ષણ પ્રવર્તન પ્રકાશન.
3. શિક્ષણની નવી રીતો (Digital Education) – ડૉ. રાજેશભાઈ જોષી, વડોદરા: પાટણ પબ્લિકેશન.
4. શિક્ષણ દર્પણ – “ડિજિટલ શિક્ષણમાં ઈ–રીડિંગનું મહત્વ,” ખંડ 12, વર્ષ 2020, પૃ. 45–52.
5. ગુજરાતી શિક્ષણ મંચ – “ડિજિટલ સાહિત્ય અને વિદ્યાર્થીઓ પર અસર,” ખંડ 8, વર્ષ 2019, પૃ. 33–41.
6. ગુજરાત શિક્ષણ વિભાગ – ડિજિટલ શૈક્ષણિક કાર્યક્રમો
7. EdTech Gujarat – શૈક્ષણિક ટેકનોલોજી
8. NEP 2020 ગુજરાતમાં ડિજિટલ અભ્યાસ